કૃષિ વિષયક વીજ જોડાણની ૧૫૫ અરજીઓ પડતર છે

જિલ્લામાં ૧૫૫ ગામોને નર્મદાનું પીવાનું પાણી અપાય છે : જિલ્લામાં ૨૪૯ ગામોને પીવાનું પાણી પાઈપલાઈન દ્વારા અપાય છે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભા ગૃહમાં ગાંધીનગર જિલ્લાને લગતા આરોગ્ય, નાણાં અને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના ૧૨ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.

વિધાનસભા ગૃહની આજે બે બેઠકો હતી અને બપોર પછીની બીજી બેઠકમાં પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવી હતી.

● **કૃષિવિષયક વીજ જોડાણ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ કૃષિવિષયક વીજ જોડાણ અને કૃષિ વિષયક તત્કાલ વીજ જોડાણ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં વીજમંત્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં કૃષિ વિષયક જોડાણની ૫૬૫ અરજીઓ અને તત્કાલ વીજ જોડાણની ૩૮ અરજીઓ પડતર છે.

મંત્રીએ જણાવ્યુ હતુ કે એક વર્ષ કરતાં વધુ સમયથી ૧૫૫ અરજીઓ પડતર છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ખેતી વિષયક જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. કૃષિ વિષયક તત્કાલ વીજ જોડાણનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની ૩૮ અરજીઓ પડતર હતી. જે પૈકી ૨૨ અરજીઓના કામ પૂર્ણ થયા છે. જયારે ૬ અરજીઓમાં અરજદાર દ્વારા સૂક્ષ્મ પિયત પદ્ધતિ સ્વીકારવા સંબંધિત ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ વીજ વિતરણ કંપની દ્વારા અપાનાર અંદાજપત્રના નાણાં ભરપાઈ થયે વીજ જોડાણ આપવાની કામગીરી શક્ય બને. ૧ અરજીમાં બોર બનાવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ૩ અરજીઓમાં અંદાજપત્ર આપેલ હોઈ અંદાજપત્રના નાણાં ભર્યેથી વીજ જોડાણ આપવાની કામગીરી કરવામાં આવશે. ૫ અરજીઓમાં અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ હોઈ કામગીરી પ્રગતિ હેઠળ છે. ૧ અરજી અરજદારની અરજીના અનુસંધાને રદ થયેલ છે.

● **કોરોનાથી મૃત્યુ**

કલોલના કોંગીના બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં કોરોનાથી થયેલા મૃત્યુ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું છે કે ૧૪૪ મૃત્યુ થયા છે.

ગાંધીનગરમાં ૫૮, દહેગામમાં ૧૭, માણસામાં ૧૪, કલોલમાં ૫૫ મૃત્યુ થયા છે. ઉક્ત સ્થિતિએ પૂરતી અને યોગ્ય આરોગ્ય સેવાઓ ન મળવાના કારણે મૃત્યુ થયા હોવા અંગે એક પણ ફરિયાદ મળી નથી.

● **આંતરજ્ઞાતિય લગ્ન સહાય**

દહેગામના ભાજપના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા એક વર્ષમાં ૪૯ અરજીઓ મળી હતી. જે પૈકી ૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને રૂ. ૪૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

● **અનુ. જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

ગાંધીનગર(દ)ના શંભુજી ઠાકોરે અનુ. જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યું છે કે ૨૨ કુમાર છાત્રાલયો અને ૬ કન્યા છાત્રાલયો જિલ્લામાં આવેલા છે.

કુમાર છાત્રાલયોમાં ૭૫૮ વિદ્યાર્થી અને કન્યા છાત્રાલયોમાં ૨૫૮ વિદ્યાર્થીનીઓએ લાભ લીધેલ છે.

● **સીટીસ્કેન મશીન બંધ**

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ સિવિલના સીટી સ્કેન મશીન અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ૧૦-૮-૨૦ થી ૧૬-૨-૨૧ ના સમયગાળા દરમ્યાન મશીન ખરાબ થતાં બંધ રહેલ.

મશીન ખરાબ રહેવાના કારણોમાં વાવાઝોડાના સમયમાં વરસાદનું પાણી લીકેજ થતાં ટેકનીકલ ક્ષતિઓ આવી હતી. હાલ મશીન ચાલુ છે. પી.આઈ.યુ. એજન્સી દ્વારા સીટી સ્કેન રૂમમાં જરૂરી સમારકામ કરી પાણીલિકેજ ના થાય તેવી કામગીરી કરેલ છે.

● **બેરેજ કેટલા**

કોંગીના હિંમતસિંહ પટેલે ગાંધીનગર જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ અંગે પુછેલા એક

● અનુસંધાન પાન-૭ પર

ગુડા દ્વારા તૈયાર કરાયેલ દુકાનો ખરીદવામાં નિરસતા

પ્લોટસની તોતિંગ કિંમતના લીધે પણ વેચાણ સામે પ્રશ્નાર્થ જયારે આવાસ યોજનાને અનુલક્ષી પ્રથમ અને બીજા મજલે નિર્માણ કરાયેલી દુકાનો પણ વર્ષોના અંતે વેચાણ થતી નથી

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળે આવાસ યોજનાને અનુલક્ષી તૈયાર કરેલી મોટાભાગની દુકાનો વર્ષોના અંતે પણ બિન ઉપયોગી હાલતમાં છે. દુકાનો વેચાણ થતી નથી અલબત્ત પ્રથમ અને બીજા મજલાની દુકાનો ખરીદવાના મામલે નિરસતા સેવાઈ રહી છે વર્ષોના અંતે પણ દુકાનો યથાવત સ્થિતિમાં છે. આ સ્થિતિ વચ્ચે ગુડના પ્લોટસની કીંમત પણ તોતિંગ હોવાથી વેચાણ મામલે અનેક સવાલો મંડરાયા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એલ આઈ જી પરિવારના સભ્યો માટે નવા મકાનો બાંધવામાં આવે છે. જયારે આવાસ યોજનાને અનુલક્ષી રહીશોને ઘર આંગણે જ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે દુકાનો પણ તૈયાર કરવામાં આવી છે. જો કે યોગ્ય આયોજનના અભાવે મોટાભાગની દુકાનો વેચાણ થયા વિના રહેતા બિન ઉપયોગી હાલતમાં પડતર છે. બિન ઉપયોગી ખંડરે થતી દુકાનોમાં અડાલજ વિસ્તારની ૪૯, રાયસણ વિસ્તારમાં ૩ દુકાનો ફાળવવા માટે હવે દર મહીને ડ્રો કરવાની પધ્ધતિનો અમલ કરાશે. જો કે તંત્રએ તૈયાર કરેલી દુકાનો પૈકી પ્રથમ અને બીજા મજલે દુકાનો લેવામાં કોઈ રસ દાખવતુ નથી. ગુડાએ અત્યાર સુધી ૩૪ દુકાનો વેચાણ પેટે આપી છે. જે અન્વયે રૂ ૭.૨૫ કરોડની આવક કરી છે. આ ઉપરાંત ગુડા દ્વારા કુડાસણમાં વાણિજય હેતુની એક એક અને વાવોલમાં વાણિજય હેતુનો એક પ્લોટ વેચાણ અર્થે મુક્યો તે વાતને પણ મહીના જેટલો લાંબો સમય વિતી ગયો છે. પરંતુ સરગાસણ અને કુડાસણમાં ત્રણ પ્લોટ માં પણ કોઈએ રસ દાખવ્યો નથી. જેના લીધે હરાજીની મુદત પણ લંબાવી તા ૨૮ માર્ચ સુધી કરી દેવામાં આવી છે. વાવોલના પ્લોટને અનુલક્ષીને પણ તા ૧૦ માર્ચના રોજ હરાજીની પ્રકીયા હાથ ધરાશે આ માટે બે અરજી મળી છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રહેણાંકના હેતુ માટે અડાલજમાં આવાસો તૈયાર કરાયા પરંતુ આ યોજનાને અનુલક્ષી તૈયાર કરાયેલી ૭૨ દુકાનો અને સાથેના બે માળના શોપિંગ કોમ્પલેક્ષની દુકાનો પાંચ વર્ષના અંતે પણ વેચાણ થઈ નથી. જેમાં ગ્રાઉન્ડ ફલોર પરની ૨૫ પૈકી ૨૩ દુકાનો વેચાઈ ગઈ છે. પરંતુ પ્રથમ અને બીજા માળે સ્થિત દુકાનો લેવામાં નિરસતા સેવાતા ગુડા માટે પણ શિરદર્દ ઉભો થયો છે. ગ્રાઉન્ડ ફલોર પરની ૪ દુકાનો થોડા દિવસો અગાઉ જ ૧૭ થી ૨૨ લાખ સુધીમાં વેચાઈ છે. જયારે અત્યાર સુધી અડાલજ

● અનુસંધાન પાન-૭ પર

યે કશ્મીર હૈ.... સોરી યે ગાંધીનગર હૈ.... શહેરના માર્ગો પર ફરતા આવા જ કંઈક શબ્દો અનાયાસે જ હોઠો પર રમવા માંડે છે. ગાંધીનગર સુઆયોજિત નગર છે. નગરના રચનાકારોએ અહીં માત્ર ઈમારતો નવી ખડકી દીધી પણ નગરનું સૌંદર્ય દરેકે દરેક ઋતુમાં આગવી રીતે નીખરે તેનું પણ એટલું જ ધ્યાન રાખ્યું છે. વર્ષો અગાઉ દેશ વિદેથી મંગાવીને શહેરના એકે એક સેકટર અને માર્ગોની આસપાસ ઉછેરવામાં આવેલા ફૂલ છોડના વૃક્ષ હવે પૂર્ણપણે ખીલી ચુકયા છે અને દરેક ઋતુમાં તેનું આગવું સૌંદર્ય આંખોને ઠારે છે. શહેરનું હૃદય ગણાતા વિધાનસભા પરીસરની આસપાસ તો હાલમાં એટલા બધા પ્રકારના ફૂલો ખીલી ઉઠયાં છે કે અહીંથી પસાર થતા દિલ બાગ બાગ થઈ ઉઠે છે. આંખો માટે આવું અદભૂત સૌંદર્ય રચનાર ગાંધીનગરના ઘડવૈયાઓ માટે હૃદયથી સલામ....

પીડીપીયુ પાસેથી ગુડાએ ૧.૬૮ કરોડનુ ભાડુ વસુલ્યુ

વર્ષ ૨૦૧૦થી ભાડાની રકમ ન ચુકવતા ગુડાએ કડક વલણ અપનાવ્યુ : વાર્ષિક રૂ ૧૫ લાખ પેટે ભાડાની રકમ બાકી હતી

ગાંધીનગર તા ૮

પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીને ફાળવવામાં આવેલી ૩ લાખ ચોરસ મીટર જમીનનુ ભાડુ છેલ્લા ૧૧ વર્ષથી ગુડાને ચુકવવામાં આવ્યુ નથી. આ મામલે ગુડા દ્વારા આકરા શબ્દોમાં લેખિત પત્ર વ્યવહાર કર્યા બાદ સંસ્થાએ રૂ ૧.૬૮ કરોડની ચુકવણી કરી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગર વિસ્તારમાં કેન્દ્ર અને રાજય સરકારની સંસ્થાઓને ૯૯ વર્ષના ભાડ પેટે લીઝ એગ્રીમેન્ટ દ્વારા જમીન ફાળવવામાં આવે છે.

ગુડાની કપાત જમીનને અનુલક્ષી પડતર પ્લોટસની જમીન ભાડે આપીને આવક ઉભી કરવામાં આવે છે. જયારે તંત્ર દ્વારા ૩ વર્ષની સમય મર્યાદા માટે કરાર કરીને ખાનગી પેઢી સહીતને પ્લોટ જંત્રી દર પ્રમાણે ભાડેથી આપવામાં આવે છે. ખાસ કરીને બિલ્ડર્સ , ડેવલપર્સ દ્વારા લેબર કોલોની , ગોડાઉન અથવા સાઈટ ઓફિસ માટે આ જમીન ભાડે આપવામાં આવ્યા છે. ગુડા દ્વારા આ પ્રકારના ૨૨ જેટલા પ્લોટસ ભાડે આપવામાં આવ્યા છે. જેમાં લોકેશન મુજબ જંત્રીનો ભાવ જુદો જુદો હોય છે. અંદાજિત રૂ ૮૦૦ થી ૧૫ હજાર સુધીનો ભાવ રહે છે. ગુડાએ ટી પી સ્કીમ નં - ૬,૮,૯ અને ૧૩ માં કુડાસણ, સરગાસણ અને વાવોલ વિસ્તારમાં ભાડેથી આપવામાં આવેલા પ્લોટસની આવક રૂ ૭૦ લાખ થાય છે. પરંતુ હવે આ વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયો છે. જયારે ગુડા દ્વારા પણ આ વિસ્તારમાં કરોડોની મોટી યોજનાઓ અમલી બનાવામાં આવી છે. ત્યારે આવકનો સ્તોત્ર વધારવાનુ ગુડા માટે અનિવાર્ય થયુ છે. ગુડાના ચીફ એક્ઝિક્યુટીવ ઓથોરિટી પણ આવકના મામલે દુર્લક્ષ્ય સેવવાના મામલે વધુ ગંભીર થવા તંત્રના અધિકારીઓને ઢંઢોળે છે. જયારે આ મામલે સમયાંતરે સમીક્ષા બેઠકમાં પણ તાગ મેળવવામાં આવે છે. જેના લીધે ગુડાની આવકમાં હવે સુધાર થયો છે. વિશ્વમાં જાણીતી બનેલી પંડિત દિનદયાલ યુનિવર્સિટી ને પ્રતિ ચોરસ મીટરના રૂ ૫ ના વાર્ષિક ભાડાથી ૩ લાખ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે. પરંતુ સંસ્થાએ વર્ષ ૨૦૧૦ થી અત્યાર સુધી વાર્ષિક રૂ ૧૫ લાખના ભાડાની ચુકવણી કરી ન હતી જેને અનુલક્ષી ગુડાએ આકરા શબ્દોમાં પત્ર વ્યવહાર કરીને ભાડાની બાકી રકમ વસુલી છે. જે અંદાજિત રૂ ૧.૬૮ કરોડ જેટલી થાય છે.

કલોલમાં ઝાડા-ઉલ્ટીના વધુ ૯૦ કેસ

પ્રાથમિક દૃષ્ટિએ પરીક્ષણમાં કોલેરા નહિ હોવાનું જણાતાં તંત્રએ રાહત અનુભવી : અસરગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કરથી પીવાનું પાણી અપાયું : ત્રણ પાણીના લિકેજીસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૮

કલોલ શહેરમાં ઝાડા-ઉલ્ટીના કેસોમાં આજે પણ વધારો થયો છે. શહેરમાં આજે વધુ ૯૦ જેટલા કેસ મળી આવ્યા છે. તંત્રએ આજે પણ વધુ કેટલાક દર્દીના સ્ટૂલ સેમ્પલ મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપ્યા છે.

જિલ્લાના કલોલ શહેરમાં છેલ્લા બે દિવસથી ઝાડા-ઉલ્ટીના પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. આજે પણ જિલ્લાના આરોગ્ય અધિકારીઓએ કલોલમાં જ ધામા નાખ્યા છે. ઝાડા-ઉલ્ટીના નોંધાઈ રહેલા કેસોને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની રેપીડ રિસપોન્સ ટીમે કલોલ શહેરના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી છે. ટેસ્ટના રિપોર્ટ હજુ મળ્યા નથી પરંતુ કોલેરા હોવાની શંકા તંત્રને છે. શહેરમાં પાણીના લિકેજીસ મળ્યા નથી. ગટરલાઈનો જે ચોક-અપ થયેલી છે તેની સફાઈની કામગીરી નગરપાલિકાતંત્રએ વેગીલી બનાવી છે. ઝાડા-ઉલ્ટીના નોંધાયેલા કેસોમાં સૌથી વધુ અસર મહિલાઓને થઈ છે. શહેરમાં ૨૦૦થી વધુ નોંધાયેલા કેસોમાં ૧૨૧ મહિલા દર્દી છે અને ૯૦ થી વધુ પુરૂષ દર્દીઓ છે.

શહેરમાં છેલ્લા બે દિવસમાં વધુ સઘન સારવારની જરૂરિયાત જણાતાં ૩૩ દર્દીને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવ્યા છે. આજે આ પૈકી ૧૧ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ ૨૨ જેટલા દર્દીઓ સારવાર હેઠળ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે ત્રણ જેટલા પાણીના લિકેજીસ મળી આવ્યા છે. જે પૈકી બે લિકેજીસ દુરસ્ત કરી દેવામાં આવ્યા છે.

કલોલ શહેરના અસરગ્રસ્ત વિસ્તારોની આજે કલોલ પ્રાંત અધિકારીએ પણ બે વખત મુલાકાત લીધી હતી અને તેમણે કેટલાક મહત્વના સૂચનો મુલાકાતને અંતે તંત્રને કર્યા હતા. જિલ્લા કલેક્ટર અને અધિક નિવાસી કલેક્ટર પણ સતત કલોલ સાથે સંપર્કમાં રહી અને પરિસ્થિતિ પર નજર રાખી માર્ગદર્શન આપી રહ્યાનું જાણવા મળેલ છે. કલેક્ટરે કલોલની સ્થિતિને લઈ આજે એક ગૂગલ મીટ પણ સ્થાનિક અધિકારીઓ સાથે કરી હોવાનું જાણવા મળેલ છે.

શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાં આજે ટેન્કર દ્વારા પાણીનો પુરવઠો આપવામાં આવ્યો હતો. આરોગ્યતંત્રએ સર્વેલન્સ દરમ્યાન ૭૨૦૦થી વધુ ક્લોરીનની ટિકડીઓનું વિતરણ કરી પાણી ઉકાળીને પીવા સલાહ રહીશોને આપી હતી. કોલેરા પ્રાથમિક દૃષ્ટિએ પરીક્ષણમાં દેખાતો નહિ હોવાથી તંત્રએ થોડીક રાહત જરૂર અનુભવી છે.

શહેરની જુની-જર્જરિત પાઈપલાઈન બદલવાનો પ્રોજેક્ટ અભેરાઈએ ચડી ગયો

ગાંધીનગર, તા. ૮

કલોલ શહેરમાં ગત વર્ષે થયેલા કોલેરાના કેસો પછી શહેરની પીવાના પાણીની પાઈપલાઈનો જુની થઈ હોવાથી બદલવા માટેનો પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો.

અંદાજે રૂ. ૧.૫૦ કરોડ જેટલો ખર્ચ ધરાવતી આ યોજનાની દરખાસ્તને સરકારમાં મંજૂરી માટે મોકલવામાં આવી હતી પરંતુ સમય જતાં આ દરખાસ્તની ફાઈલ માળિયે ચડી જવા પામી છે.

કલોલ શહેરમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે અને વારંવાર અહિ પાણીજન્ય રોગચાળાની સ્થિતિ ઉભી થવાનો ભય રહે છે. કલોલ શહેરમાં આરોગ્યની સેવાઓના સઘનીકરણ પર પણ તંત્રએ ભાર મુકવો જોઈએ તેવી માંગ ઉઠી છે એટલુ જ નહિ પેયજળનો પુરવઠો પણ ક્લોરીનેશનવાળો નહિ મળતો હોવાથી ફરિયાદો ઉઠી છે.

શહેરમાં આ વખતે ઝાડા-ઉલ્ટીના નોંધાયેલા કેસોમાં મહિલા દર્દીઓ વધુ જણાયેલ છે. દાખલ દર્દીઓની સંખ્યામાં પણ વિરોધાભાસી વાતો થઈ રહી છે.

ઝાડા-ઉલ્ટીના નમુના મેળવી તપાસ માટે મોકલાયા હતા જેમાં કોલેરાના જંતુઓ પ્રાથમિક રીતે ન જણાતાં તંત્રએ હાશકારો જરૂર અનુભવ્યો છે પણ સરકાર નવી પાઈપાઈનના પ્રોજેક્ટને ઝડપથી મંજૂરી આપે તે માટે પ્રયાસો કરવામાં આવે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

અરમાનો અને અધિકારો - વિશ્વ મહિલા દિવસની ઉજવણી વિશ્વભરમાં ધામધૂમથી ઉજવાય છે... સંવાદો- પરિસંવાદો, સન્માન અને એવોર્ડ વિતરણના કાર્યક્રમોમાં પણ પૂરજોશમાં થાય છે... પણ એવી મહિલાઓ જેમને હજુ હક્કની વાત કોઈને કહી શકતી નથી તથા કોઈને સાંભળવાનો સમય નથી... અરમાનો, અધિકારો બધુ જ મનમાં છે... અને રાત દિવસ શ્રમ કરીને આયખુ પુરું કરે છે... એવી મહિલાઓનો પણ વિચાર થવો જોઈએ... આપણા સમાજમાં માત્ર થોડું ભણેલી-ગણેલી, થોડી કારકિર્દી ઉજ્જ્વળ બનાવી છે એમના જ સન્માન થાય છે... પણ જે જીવન સમર્પિત કરી પરિવારની સુખ-સુવિધા માટે પોતાનો બધો જ સમય અર્પણ કરે છે એવી મહિલાઓનું સન્માન પણ થવું જોઈએ...

સે-૨૬ માં ફાર્મસી કોલેજનુ નવુ બિલ્ડીંગ બાંધવાનુ કામ હાથ ધરાશે

ત્રણ મજલાના બિલ્ડીંગમાં સઘળી સુવિધા ઉભી કરાશે : ઓડીટોરીયમ , કોમ્પ્યુટર લેબ , કેન્ટીન, ફાયર સેફ્ટી સિસ્ટમ અને કમ્પાઉન્ડ વોલ સહીતની કામગીરી કરાશે : અંદાજિત ૧૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં સે-૨૬ ખાતે ફાર્મસી કોલેજનુ નવુ બિલ્ડીંગ બાંધવામાં આવશે. ફાર્મસી કોલેજના નવા બિલ્ડીંગને અનુલક્ષી તંત્ર દ્વારા ટેન્ડર પ્રકીયાના અંતે વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. આ નવા બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ કરાશે. ત્રણ મજલાના આ બિલ્ડીંગનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે.

સ્માર્ટ બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં રોડ નેટવર્ક અપગ્રેડ કરવા સહીત નવા બિલ્ડીંગોનુ પણ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જુની અને જર્જરિત સરકારી કચેરીઓ પણ નવા લુકમાં જોવા મળી રહી છે. જયારે શહેરના સેકટરોમાં સ્થિત જુના સરકારી આવાસો પણ તોડીને દુર કરવામાં આવી રહ્યા છે. જુના મકાનો તોડી નવા ટાવરો ઉભા કરવામાં આવી રહ્યા છે. સેકટરોમાં નવા માર્ગો ઉપરાંત નવા બિલ્ડીંગો સહીત શૈક્ષણિક સંકુલોમાં પણ રીનોવેશન હાથ ધરવામાં આવી રહ્યુ છે. શાળા કોલેજના વિદ્યાર્થીઓને સુવિધયુક્ત બિલ્ડીંગ ઉપલબ્ધ થાય તે માટે સેકટરોમાં શાળાઓના બિલ્ડીંગનુ પણ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. જયારે સે-૨૬ માં પણ ફાર્મસી કોલેજના નવા બિલ્ડીંગનુ બાંધકામ હાથ ધરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. ફાર્મસી કોલેજના બિલ્ડીંગના નિર્માણ માટે અંદાજિત રૂ ૯.૯૩ કરોડનો ખર્ચ કરાશે જયારે આ કાર્યયોજના અન્વયે કોલેજના બિલ્ડીંગને અનુલક્ષી ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળનુ કોલેજ બિલ્ડીંગ બાંધવામાં આવશે. નવા વર્ગ ખંડો ઉપરાંત ઓડીટોરીયમ, વિદ્યાર્થીઓ માટે કેન્ટીન , કમ્પાઉન્ડ વોલ ફાયર સેફટી સિસ્ટમ સહીતની કામગીરી કરાશે. આ ઉપરાંત બિલ્ડીંગને અનુલક્ષી ફર્નિચર પણ બનાવાશે. પીવાના પાણી માટેની પણ યોગ્ય સુવિધા ઉભી કરાશે. હાલ આ કાર્યયોજનાને અનુલક્ષી વર્ક ઓર્ડર આપી દેવાયો છે. જયારે આ ઠેકાણે સંપ અને પાણીનો બોર બનાવી દેવાયો છે. જેના અંતે હવે ટુંકમાં કામ પણ હાથ ધરાશે નિયત સમયમાં કોલેજ બિલ્ડીંગની કામગીરી પુર્ણ થાય તે માટે આયોજન કરી દેવાયુ છે. જેના અંતે કોલજના વિદ્યાર્થીઓને લાંબા સમય બાદ નવુ સુવિધાયુક્ત બિલ્ડીંગ મળશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com